૯

ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન બાંધકામ પૂર્ણ કરવાની શરતમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અબડ/૧૨૨૦૨૦/૮૫/હ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૦૮/૨૦૨૦

<u>વંચાણે લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૮/૦૬/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૦/૦૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: અબડ/૧૨૨૦૧૭/૯૬૨/હ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૫/૦૬/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: અબડ/૧૨૨૦૧૮/૧૨૪૧/હ

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૨૪/૦૧/૨૦૨૦ના પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૦/૪૮૬

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૦૯/૦૩/૨૦૨૦ના પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૦/૧૮૭૦

<u>પ્રસ્તાવના:</u>

રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન સહાય આપવા માટેની ડૉ.આંબેડકર આવાસ યોજના અમલમાં છે. વંચાણે લીધા ક્રમાંક (૧) થી ડૉ.આંબેડકર આવાસ યોજનાના સરળીકરણ સારૂ સંકલિત ઠરાવ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨)થી ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સમાન ધોરણે રૂ.૧,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ વીસ હજાર) નિયત કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) થી મકાનની કિંમતની ટોચમર્યાદા તેમજ સહાય ચૂકવવાની પદ્ધતિ નિયત કરવામાં આવેલ છે.

(પાછળ)

વંચાણે લીધા ક્રમાંક (૪) અને (૫) પરના પત્રોથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગર દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૧)ના ઠરાવની શરત નં.(૫) 'મકાન બાંધકામ પૂર્ણ કરવાની સમયમર્યાદા' માં સુધારો કરવા અંગેની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે ઉક્ત શરતમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધા ક્રમાંક(૧)ના તા.૦૮/૦૬/૨૦૦૫ના ઠરાવની શરત નં. (૫) 'મકાન બાંધકામ પૂર્ણ કરવાની સમયમર્યાદા' અન્વયે લાભાર્થીને 'મકાન સહાયનો બીજો હપ્તો ચુકવ્યા બાદ એક વર્ષમાં મકાન બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે' તેની જગ્યાએ 'મકાન સહાયનો પ્રથમ હપ્તાની મંજૂરી મળ્યાથી એક વર્ષમાં મકાન બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.' તે મુજબનો સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૪/૦૮/૨૦૨૦ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

૩. ઠરાવની અન્ય શરતો વિભાગના તા.૦૮/૦૬/૨૦૦૫ના ઠરાવ તેમજ ડૉ.આંબેડકર આવાસ યોજનાના અન્ય વખતોવખતના ઠરાવ મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ સવિનય રવાના:-

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી/માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી (તમામ), સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (સર્વે વિભાગો), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી (તમામ), સા.ન્યા અને અધિ.વિ., સચિવાલય, ગાંધીનગર
- સર્વે ઉપ સચિવશ્રી, સા.ન્યા અને અધિ.વિ., સચિવાલય, ગાંધીનગર
- સર્વે શાખાઓ, સા.ન્યા અને અધિ.વિ., સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી (અ.જા.ક), ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર- જિલ્લા કક્ષાએ પરિપત્રિત કરવાની વિનંતી સહ.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.